માઉન્ટ કાર્મેલ સ્કૂલ દ્વારા સ્કૂલ મૅગેઝીનનો સ્તુત્ય પ્રયોગ

કોઈ કૉલેજ કે યુનિવર્સિટી પોતાનો વાર્ષિક અંક કે સોવેનિયર બનાવે એવા પ્રયોગો ઘણા જોયા છે, પણ હાલમાં એક સ્કૂલે મૅગેઝીન તૈયાર કરવાનો પ્રયોગ કર્યો છે એ જાણીને આનંદ થયો. અંક જોઈને એ આનંદ બેવડાયો કે ખરેખર એ અંક સ્કૂલે સરસ રીતે તૈયારકર્યો છે.

માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ, ગાંધીનગર દ્વારા આ સ્કૂલ મૅગેઝીન તૈયાર કરવામાં આવ્યું છે. સુંદર મુખપૃષ્ઠ, સુંદર માહિતી અને દર વર્ષે વિદ્યાર્થીઓને પોતાના વર્ગના જે સમૂહ ફોટા આપવામાં આવે છે, તે પણ સ્વતંત્ર રીતે આપવાને બદલે આ જ મૅગેઝીનમાં સમાવી લેવાયા છે. એ કારણે વિદ્યાર્થીઓને ન માત્ર પોતાના વર્ગના જ નહીં, પણ પોતાની સ્કૂલના સઘળા સહાધ્યાયીઓનો અને શિક્ષકો સહિત સ્ટાફનો ફોટોગ્રાફ પણ મળી શક્યો છે.

બીજા ટાઈટલ ઉપર વૅરોનીકાનો ફોટો મૂકીને તેમના સિદ્ધાંતોને મૂકવામાં આવ્યા છે, પહેલા પાને પ્રોવિન્સીયલ સુપરવાઈઝર, મુંબઈના સિસ્ટર ઍમ વિન્સેન્ટનો સંદેશ, બીજા પાને સ્કૂલનાં મૅનેજર સિસ્ટર હિલ્ડા ડિસોઝાનો સંદેશ, ત્રીજા પાને તત્કાલિન પ્રિન્સીપાલ સિસ્ટર વિમલાનો સંદેશ અને ચૉથા પાને મધુ ખન્ના દ્વારા ઍડીટોરિયલ મૂકવામાં આવ્યો છે.

એ પછી પ્રિ-પ્રાઈમરી સ્ટાફ, પ્રાઈમરી સ્ટાફ, હાઈસ્કૂલ સ્ટાફ, ઑફિસ સ્ટાફ, નૉન ટીચીંગ સ્ટાફ, સ્કૂલ કૅબિનેટ, પૅરેન્ટ્સ-ટીચર્સ ઍસોસીએશન બેઠકની તસવીરો ઉપરાંત ૧૯૮૯થી માંડીને ગત વર્ષ સુધીનું ઍસઍસસીનું રિઝલ્ટ, ૨૦૦૮થી ગત વર્ષ સુધીનું ઍચઍસસીનું રિઝલ્ટ ને વર્ષભર સ્કૂલ દ્વારા કરવામાં આવેલી દરેકેદરેક પ્રવૃત્તિઓના સુંદર ફોટોગ્રાફ આ મૅગેઝીનમાં સમાવવામાં આવ્યા છે. જેમાં રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સાહિત્યિક પ્રવૃત્તિઓ અને વિવિધ સ્પર્ધાઓનો પણ સમાવેશ થઈ જાય છે. મૅગેઝીન માટે ફોટોગ્રાફનું સુંદર ડિઝાઈનીંગ શાળાના જ વિદ્યાર્થીના વાલી અને કમલેશ શાહ દ્વારા કરવામાં આવ્યું છે, જેમનો આભાર પણ મૅગેઝીનમાં માનવામાં આવ્યો છે.

શાળાના વિદ્યાર્થીઓએ ઇતર પ્રવૃત્તિ શાળામાં કરી હોય કે શાળાની બહાર - આ મૅગેઝીમાં તેની તસવીર અવશ્ય છે. એ ઉપરાંત, પહેલા ધોરણથી માંડીને ઍચઍસસી સુધીના બધા જ વર્ગોના વિદ્યાર્થીઓના તેમના વર્ગશિક્ષક અને પ્રિન્સીપાલ સાથેના સમૂહ ફોટા તો ખરા જ. રમતોમાં કે વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓના ફોટા પણ આ મૅગેઝીનમાં સમાવીને અંકને વિદ્યાર્થીઓ માટે કાયમી યાદગીરી બનાવી દેવામાં આવ્યો છે.

આ બધી બાબતો ઉપરાંત મૅગેઝીનમાં જે સૌથી સારી બાબત છે તે એ છે કે તેમાં વિદ્યાર્થીઓની સાહિત્યિક કૃતિઓને પણ સમાવવામાં આવી છે. વિદ્યાર્થીઓનાં આ સર્જનો મૅગેઝીનને ચાર ચાંદ લગાડી દે છે. નાની વયથી લખવાની શરૂઆત વિદ્યાર્થીની અભિવ્યક્તિને ખીલવે છે ને એ અભિવ્યક્તિને માધ્યમ આપીને સ્કૂલે ખરે જ એક સ્તુત્ય કાર્ય કર્યું છે.

વિદ્યાર્થીઓએ પોતાની કૃતિઓ માટે વિષયો પણ કેવા પસંદ કર્યા છે! સફળતા, જિંદગી, કુદરતની સુંદરતા, જિંદગીનું નામ ઉજવણી, ઍન્જલ, પર્યાવરણ, ક્રિકેટ, મૅચની મજા, શિક્ષણ, શિક્ષક, નવાં વર્ષનાં નિર્ણયો, શીખામણ, ખુશી, પુસ્તકો, ટૂચકા.... અનેક વિષયો ને વિદ્યાર્થીઓની અનેક રીતની અભિવ્યક્તિ! જાણે આવતીકાલનાં સાહિત્યકારોની સઘળી કૃતિઓ એક જ અંકમાં!

સુંદર સજાવટ અને એવું જ સુંદર મુદ્રણ પણ ખરું.

રંગીન પાનાંઓથી ભરેલું આવું મૅગેઝીન ખર્ચાળ હોય એ પણ સમજી શકાય તેવી વાત છે. પણ સ્કૂલે ઍનોય રસ્તો કરી લીધો છે. સૌજન્ય જાહેરખબરોથી આખરી પાનાં ભરી લીધાં છે અને આ સમસ્યાનોય હલ આણી દીધો છે. વળી વિદ્યાર્થીઓને પણ રૂા. ૫૦ની નજીવી કિંમતે આ પુસ્તક આપવામાં આવ્યું છે, એમ પણ થોડું ખર્ચ ઓછું કરાયું છે.

સૅક્ટર-૫ સી ખાતે નીલાબેન-રાજેશભાઈ ત્રિવેદી પરિવારના સૌજન્યથી શ્રીમદ્ ભાવગત જ્ઞાન યજ્ઞ (કથા)નું આયોજન કરવામાં આવ્યું છે. વિશાળ કથા મંડપમાં નગરજનોનાં સ્વર્ગસ્થ સ્વજનોના ફોટા મૂકવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. શનિવારે બપોર પછી પોથીયાત્રાનો અને ત્યારબાદ કથાનો આરંભ કરવામાં આવ્યો હતો. (તસવીર : કમલેશ શાહ)

રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા ૧૧મીથી ગ્રીષ્મ સંધ્યા મહોત્સવ

૧૧મીએ ગીત સંગીતનો કાર્યક્રમ 'ચૈતર-વૈશાખના વાયરા', ૧૨મીએ નાટક 'લવ યુ જિંદગી' અને ૧૩મીએ નાટક '૧૦૨ નોટઆઉટ'

ગાંધીનગર, તા. ૭

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર દ્વારા સાંસ્કૃતિક ધરોહર યોજના હેઠળ ગ્રીષ્મ સંધ્યા મહોત્સવ યોજાશે.

ગ્રીષ્મ સંધ્યા મહોત્સવ અંતર્ગત ૧૧મી એપ્રિલ-૨૦૧૨ના રોજ મોસમ આધારિત 'ચૈતર વૈશાખના વાયરા' ભૂમિક શાહ, દર્શના ગાંધી અને વૃંદ દ્વારા લોકપ્રિય ગીત-સંગીતનો કાર્યક્રમ યોજાશે. ૧૨મી એપ્રિલે રાજ્ય ત્રિઅંકી નાટ્ય સ્પર્ધામાં પ્રથમ વિજેતા નાટક વિરલ શરદ દિગ્દર્શિત 'લવ યુ જિંદગી' તથા ૧૩મી એપ્રિલ-૨૦૧૨ના રોજ સૌમ્ય જોષી લિખિત - દિગ્દર્શિત નાટક '૧૦૨ નોટ આઉટ' પ્રસ્તુત થશે.

ગાંધીનગરના લોકપ્રિય શ્રોતાજનોને ગ્રીષ્મ સંધ્યા મહોત્સવ માણવા માટે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના સચિવ ડૉ. પ્રદીપ આઝાદ દ્વારા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કાર્યક્રમના નિમંત્રણ કાર્ડ ૭મી એપ્રિલથી અકાદમીના કાર્યાલયમાંથી બપોરે ૩.૩૦ કલાક પછી મેળવી શકાશે એમ આયોજકો દ્વારા જણાવાયું છે.

દિવ્ય જીવન સંઘના સભ્યોના વિદ્યાર્થીઓ માટે ગ્રીષ્મ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૭

ગૂર્જર દિવ્ય જીવન સંઘ સમિતિ અને દિવ્ય જીવન સંઘ, વડોદરા શાખાના સંયુક્ત ઉપક્રમે એપ્રિલ, ૨૦૧૨ની તારીખ ૨૬, ૨૭, ૨૮ અને ૨૯ દરમિયાન નર્મદા કિનારે ચાણોદ પાસે આવેલા ગંગનાથ મહાદેવ આશ્રમે ધોરણ-૯, ૧૦, ૧૧ અને ૧૨ના કિશોર અને કિશોરીઓ માટે ગ્રીષ્મ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરમાં યોગ અને વેદાંત તથા આધ્યાત્મિક જ્ઞાન સાધનાની તાલીમ નિષ્ણાતો પાસે અપાવવાની જોગવાઈ કરવામાં આવી છે.

દિવ્ય જીવન સંઘના સંસ્થાપક બ્રહ્મલીન સ્વામી શિવાનંદ સરસ્વતી મહારાજની ૧૨૫મી જન્મજયંતિના ઉપલક્ષમાં દિવ્ય જીવન સંઘની શાખાના સભાસદોના બાળકો માટે ગ્રીષ્મ શિબિર શિબિરાર્થી માટે નિઃશુલ્ક રાખવામાં આવી છે.

ભાગ લેવા ઈચ્છતા કિશોર-કિશોરીઓએ મોબાઈલ નં. ૯૮૯૮૦૦૪૮૭૮ અથવા મોબાઈલ નં. ૯૮૭૮૪૦૭૫૩૪૫૨ પોતાનું નામ નોંધાવી તા. ૨૬ એપ્રિલ ૨૦૧૨ની સાંજ સુધીમાં ચાણોદ પાસે ગંગનાથ મુકામે પોતાના ખર્ચે પહોંચવાનું રહેશે.

શિબિર દરમિયાન શિબિરના સ્થળે રહેવા-જમવાના કે તાલીમ માટે કોઈ ફી લેવામાં આવનાર નથી. આ અંગેની વધુ માહિતી માટે મોબાઈલ નં. ૯૮૨૫૦૩૫૨૩૨ ઉપર ડૉ. જયંત દવેનો સંપર્ક સાધવાથી મળી શકશે એમ આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું છે.

વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે આરોગ્ય અંગે જનજાગૃતિ જગાવવા રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતું.

પૂ. મોરારીબાપુના હસ્તે વિવિધ ઍવોર્ડ્સ ઍનાયત કરાયા

અસ્મિતા પર્વ અંતર્ગત હનુમાન જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૭

મહુવાના તલગાજરડા ખાતેના ચિત્રકુટધામ ખાતે પૂ. મોરારીબાપુના સાનિધ્યમાં આજે અસ્મિતા પર્વ અંતર્ગત હનુમાન જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં અંતિમ દિવસે પૂ. મોરારીબાપુના હસ્તે શુક્રવારે સવારે ચિત્રકુટ ખાતે યોજાનારા એવોર્ડ અર્પણ સમારોહમાં કૈલાસ લલિત કલા એવોર્ડ ચિત્રકાર અમિત અંબાલાલને અર્પણ કરાયો હતો. જ્યારે હનુમંત એવોર્ડ ભારતીય શાસ્ત્રીય સંગીત ક્ષેત્રે મર્હુમ ઉસ્તાદ સુલતાન ખાં (સારંગી વાદન), પંડિત અનિન્દો ચેટરજી (તબલાવાદન), સુશ્રી મૃણાલિની સારાભાઈ (ભરત નાટ્ય અને કથ્થકલી નૃત્ય) તેમજ પંડિત રાજન અને સાજન મિશ્રા (શાસ્ત્રીય કંઠ્ય સંગીત)ને અર્પણ કરવામાં આવ્યો હતો. જ્યારે અભિનય કલા ક્ષેત્રે આજીવન સેવાના ઉપલક્ષમાં નટરાજ એવોર્ડ બાલકૃષ્ણ નિમ્બાર્ક (ભવાઈ), વિનોદ નાગપાલ (ટીવી કલાકાર), માર્કન્ડ ભટ્ટ (ગુજરાતી રંગભૂમિ અને સુશ્રી વહિદા રહેમાન (ભારતીય ફિલ્મ)ને

મોરારીબાપુના હસ્તે હનુમાનજીના સાનિધ્યામાં અર્પણ કરવામાં આવ્યો હતો.

એસવાયમાં જુની પદ્ધતિથી ન ભણાવનાર કોલેજને દંડ થશે

૪૦૦થી વધુ વિદ્યાર્થી : યુનિવર્સિટી મતે બદલાની શિક્ષણ પદ્ધતિના કારણે કોલેજોએ ફોર્મ અટકાવવા જોઇએ નહી

અમદાવાદ, તા.૭

ગુજરાત યુનિવર્સિટીની દ્વિતીયવર્ષની આવી રહેલી પરીક્ષામાં કોઇક કારણસર ફોર્મ નહીં ભરનાર બીએ, બીકોમ, બીબીએ, બીએસસી અને બીસીએનાં ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓને એસવાયમાં સેમેસ્ટર સિસ્ટમ દાયકા થતી હોવા છતાં જુની પદ્ધતિ પ્રમાણે ભણાવવાના રહેશે. નવાસત્રમાં જે કોલેજો નહીં ભણાવે તેઓની સામે દંડાત્મક અને શિક્ષાત્મક યુનિવર્સિટી દ્વારા કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાત યુનિવર્સિટીમાં ચાલી રહેલી દ્વિતીય વર્ષ બીએ, બીકોમ, બીબીએ, બીસીએ અને બીએસસીની પરીક્ષામાં અમદાવાદની કેટલીક કોલેજોના આચાર્ય દ્વારા ૪૦૦થી વધારે વિદ્યાર્થીઓના એક યા બીજા કારણસર ફોર્મ અટકાવ્યા હતા જેના કારણે આ વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની ચાલુ પરીક્ષામાં બેસી શકયા નથી.

બીજીબાજુ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં આવનાર વર્ષથી ટીવાયમાં દાખલ થઇ રેહલી અને ચાલુ વર્ષે એસવાયમાં દાખલ થનારી સેમેસ્ટર સિસ્ટમને કારણે કોઇ પણ પ્રકારનું બેકલોક કોઇ પણ કોલેજોને રાખવો એ સંસ્થાના હિતમાં નથી.જેના કારણે આવી કોલેજોએ બદલાતી જતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખી હાજરીની ટકાવારીમાં છૂટછાટ મૂકી વિદ્યાર્થીઓને બેસવા જોઇતા હતા. તેવુ યુનિવર્સિટી માની રહી છે. કોલેજોએ આ અંગે વિદ્યાર્થીઓને કોઇજાણ પણ કરી નથી જેથી હવે જે તે કોલેજોએ અટકાવેલા ફોર્મ વાળા વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાંરાખી કોલેજમાં જુની પદ્ધતિ પ્રમાણે ફરજિયાત શિક્ષણ આપવું પડશે. શિક્ષણ નહી આપનાર કોલેજો સામે યુનિવર્સિટી દ્વારા દંડાત્મક અને શિક્ષાત્મક કાર્યવાહી કરાશે. કુલપતિ ડૉ. પરિમલ ત્રિવેદીએ ઉપરોક્ત બાબતે જણાવ્યું હતું કે આગામી વર્ષથી બદલાતી શિક્ષણ પદ્ધતિને ધ્યાનમાં રાખી કોલેજોએ વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવો જોઇતો હતો. જો કે હવે કોલેજો આવા વિદ્યાર્થીઓને જુની પદ્ધતિ પ્રમાણે શિક્ષણ નહી આપે તો દંડાત્મક કાર્યવાહી કરવાનો નિર્ણય કરાયો છે.

આવતીકાલનો ઉજાસ

રાજીન્દરસિંઘ આનંદ
ધોરણ-૭
સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ

અભ્યાસની સાથે સાથે ઇતર પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર રહેનારો રાજીન્દર એક કુશળ તરવૈયો પણ છે. તેણે ખેલ મહાકુંભમાં રાજ્ય કક્ષાની તરણ સ્પર્ધામાં તૃતિય સ્થાન પ્રાપ્ત તથા ૨૦૦ મીટર બૅક સ્ટ્રોકમાં ૦૩.૧૨.૩૧ના ટાઈમીંગ સાથે સુંદર દેખાવ કરી શાળાનું નામ રોશન કર્યું છે.

જીનલ ઍચ બેંકર
ધોરણ-૧૧ સાન્યસ ઇન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ

જીનલ શરૂઆતથી જ શ્રેષ્ઠ શૈક્ષણિક કારકિર્દી ધરાવે છે. સ્વભાવે સરળ એવી આ વિદ્યાર્થીની શિક્ષકો પ્રત્યે આદર રાખે છે અને સહાધ્યાયીઓને મદદ કરવા હંમેશા તત્પર હોય છે. અભ્યાસની સાથે તેને નૃત્ય, રમતગમત, સંગીતમાં પણ ખૂબ રસ છે. ઉપરાંત સંગીત, રંગોળી, રસોઈ, ફોટોગ્રાફી અને નાટકની પ્રવૃત્તિમાં પણ તે વિશેષ ઋચિ ધરાવે છે.

રોજગાર વિભાગ દ્વારા કૌશલ્યવર્ધન કેન્દ્રો ખાતે માહિતીપ્રદ નાટકોનું આયોજન

ગાંધીનગર, તા.૭

શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકાર દ્વારા કાર્યરત કૌશલ્યવર્ધન કેન્દ્રો - પેથાપુર, પીપળજ, આદીવાડા, પીંડારડા ખાતે તાજેતરમાં કૌશલ્યવર્ધન કેન્દ્રની માહિતી આપતા નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું.

પેથાપુર ખાતે યોજાયેલ નાટકમાં સરકારી દવાખાના મેડીકલ ઓફીસર, કૌશલ્યવર્ધન કેન્દ્રના કો-ઓર્ડીનેટર તેમજ સ્ટાફ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને માણ્યો હતો અને વખાણ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે પેથાપુર ખાતે કાર્યરત કૌશલ્ય કેન્દ્રમાં કોમ્પ્યુટર, બ્યુટીપાર્લર, સિવણ અને સુઈંગ ઓપરેટર, હેન્ડીક્રાફ્ટ જેવા કોર્ષોહાલમાં ચાલુ છે. જેમાં આશરે ૧૦૦૦થી વધારે તાલીમાર્થીઓએ તેનો લાભ મેળવેલ છે.

ચૈત્રી પુનમે આખું ગામ મહાકાળી માતાના આંગણે

બનાસકાંઠાનું એક નાનકડું ગામ નામ એંગોલા. ગામની વસતી આમ તો બે હજાર જેટલી. પણ ચૈત્રી પુનમને દિવસે ગામમાં જાઓ તો એકપણ વ્યક્તિ જોવા ન મળે! વ્યક્તિ તો ઠીક, એકેય પશુ પણ જોવા ન મળે! અને આ જ ગામના છેવાડે સ્થિત મહાકાળી માતાના મંદિરે જુઓ તો આખુંય ગામ એના પ્રાંગણમાં કિલ્લોલ કરતું હોય.

આવું કેમ ! સ્વાભાવિક જ આશ્ચર્ય થાય અને સવાલ પણ. તો જવાબ છે આધ્યાત્મિકતા, આસ્થા, શ્રદ્ધા, પરંપરા. પાલનપુરથી માત્ર સાત કિલોમીટરના અંતરે સ્થિત એંગોલા ગામમાં આ રિવાજ પચાસેક વર્ષ જૂનો છે. એટલા સમયથી દર એકાંતરે વર્ષે ચૈત્રી પુનમના દિવસે ગામ આખું ખાલી થઈ જાય છે. લોકો પોતાનાં ઘર છોડીને પોતાના પરિવાર અને પશુઓ સાથે ગામ છોડી દે છે અને ગામની બહાર સ્થિત મહાકાળી માતાના મંદિરે આશરો લે છે. મહાકાળી માતાની પૂજા-અર્ચના કરવામાં આવે છે અને પછી મંદિરના પ્રાંગણમાં જ રસોઈ પણ તૈયાર કરવામાં આવે છે. રસોઈમાં મોટાભાગે સુખડી જ બનાવવામાં આવે છે અને આ દિવસે પશુઓનું દૂધ પણ વેચવામાં આવતું નથી, એનો ઉપયોગ પણ પ્રસાદ તરીકે જ કરવામાં આવે છે. એટલે એમાંથી મોટાભાગે અહીં ખીર બને છે.

આ સુખડી અને ખીરના પ્રસાદનું જ પ્રમાણ એટલું બધું હોય છે કે એમાંથી જ ગામ આખાનું બપોરનું ભોજન થઈ જાય છે. એ પછી પણ ગામ આખું સમૂહમાં ત્યાં જ રોકાય છે, બપોરે આરામ કરે છે અને બપોર ઢળ્યા પછી ગામ તરફ પાછું વળે છે. ગામલોકો શ્રદ્ધાપૂર્વક આમ કરે છે એની પાછળ એક વાયકા છે. મંદિરના પૂજારી ભરતભાઈ રાવલ જણાવે છે કે, વર્ષો પહેલાં ગામનાં પશુધનમાં ભયાનક રોગચાળો ફાટી નીકળ્યો હતો. ટપોટપ પશુઓ મરવા માંડ્યાં હતાં. એમને રોગ શું છે એની કોઈને જાણ થઈ શકતી ન હતી. બહુ કારી કરી પણ પશુઓને બચાવી શકાયાં નહીં ને ઝડપભેર પશુઓને મરતાં જોઈ ગામ ચિંતામાં પડ્યું. આવે વખતે ગામલોકોએ ગામ બહાર સ્થિત માતાજીના મંદિરનો આશરો લીધો. એ વખતે મંદિર બહુ મોટું ન હતું, માત્ર નાની દેરી જ હતી. પણ માતાજીમાં શ્રદ્ધા હતી. તેથી ગામલોકો માતાજીના શરણે ગયા. માતાજીને પ્રાર્થના કરી અને ખરેખર માતાજીએ એમનાં અવાજ સાંભળ્યો હોય અમ પશુધન સાજું-નરવું થઈ ગયું!

બસ ત્યારથી ગામલોકોએ આ નિયમ જાળવ્યો છે કે માતાજીના શરણે તો જવું જ. અલબત્ત, દર વર્ષે તો નહીં, પણ એકાંતરે વર્ષે આ ક્રમ અવશ્ય જળવાય છે. ચૈત્રી પુનમને દિવસે ગામ આખું પોતાના પશુધનને લઈને માતાજીના આંગણે જાય છે અને માતાજીએ ક્યારેક પોતાની રક્ષા કરી હતી એ યાદ કરીને માતાજીનો આભાર માને છે અને એના આંગણે જ ભક્તિભાવપૂર્વક દિવસ વિતાવે છે.

આ શ્રદ્ધા એટલી મજબૂત છે કે ગામમાં જેમનું ઘર હોય તેવા લોકો પોતાના નોકરી-ધંધાર્થે બહારગામ વસતા હોય તો પણ આ દિવસે અવશ્ય ગામમાં આવી જાય છે અને પોતાના પરિવાર સાથે ગામની બહાર માતાજીના આંગણે જઈને રહે છે. (આ જ ગામનો એક પરિવાર - સ્વ. વસંતકુમાર રાવલ પરિવાર ગાંધીનગર શહેરમાં વસે છે, એ પણ ચૈત્રી પુનમે ગામલોકો સાથે માતાજીની આરાધનામાં જોડાય છે.) આ કારણે સામાન્ય રીતે બે હજારની વસતીવાળું ગામ બમણી વસતીવાળું થઈ જાય છે. જોકે, ગામમાં દિવસભર કોઈ દેખાતું નથી. સૌ મંદિરે જ જોવા મળે છે. ગામનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ગામમાં ચૌધરી, રાજપૂત, બ્રાહ્મણ ઉપરાંત અન્ય જ્ઞાતિના લોકો પણ વસે છે અને ગામ સમૃદ્ધ પણ છે.

આસપાસના વિસ્તારમાં પણ માતાજીની એટલી બધી નામના ફેલાઈ છે કે છેલ્લાં પચાસ વર્ષોમાં

તેમના મંદિરની તો કાયાપલટ થઈ ગઈ છે. માતાજી માટે સુંદર મંદિર તૈયાર થઈ ગયું છે. મોટું આંગણું તૈયાર થઈ ગયું છે.

ચૈત્રી પુનમે આખું ગામ આ આંગણામાં સમાઈ જાય છે. પુનમે તો જાણે અહીં મેળો હોય એવું દ્રશ્ય ઊભું થાય છે. મોટો મંડપ બાંધીને જાણે માતાજીનો કોઈ પ્રસંગ ઉજવતા હોય એમ ગામલોકો એ મંડપ તળે એકત્ર થાય છે. ભાવપૂર્વક સૌ માતાજીની પૂજા કરે છે અને એટલા જ ભાવથી તેનો પ્રસાદ પણ આરોગે છે. આબાલવૃદ્ધ, સાક્ષર-નિરક્ષર, પુરુષ-મહિલા સૌ નાતજાતનાં કોઈ જ બંધન વિના, એક જ માનાં સંતાન થઈને માતાજીના આંગણે આવે છે અને તેની આરાધના કરે છે. એ આરાધનાનું ફળ પણ જાણે ગામને સુંદર મળ્યું હોય એમ ગામના લગભગ દરેક ઘરના એક વ્યક્તિને સરકારી નોકરી મળી ગઈ છે! એમાંય ૭૦ ટકા લોકો તો એવા છે કે જેઓ પોલીસ અથવા લશ્કરમાં નોકરીએ જોડાયા હોય. ગામમાં ખાવા-પીવાની તકલીફ નથી અને સુખ-શાંતિની પણ. ગામલોકો વચ્ચે સંપ પણ સારો છે અને ગામમાં ખુશહાલી પણ છે. આ બધી જ મહાકાળી માતાની દેન છે અને એટલે જ ગામ ભાવપૂર્વક માતાજીની આરાધના કરે છે, કરતું રહેશે એવું ગામલોકોનું કહેવું છે.

- કુંતલ નિમાવત